અપીલ અરજી નં.૨૪૯ તા.૨–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી પી કે. પટેલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પી કે. પટેલની તા.૨૬–૯–૦૮ ની અરજીથી સીટી લાઈટ યુ પી. નગરમાં આવેલા ઈ.ડબલ્યુ.એસ કવાટર્સનો ફલેટ નં.૧/બી–૧ જે સુરત મહાનગરપાલિકા ધ્વારા મહેશભાઈને ફાળવવામાં આવેલો છે જેના તુમાર થયેલ ખરી નકલોની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૯/૨૦૦૮–૦૯

## *ફરીયાદની હકીકતઃ–*

શ્રી પી કે. પટેલની તા.૨૬–૯–૦૮ ની અરજીથી સીટી લાઈટ યુ પી. નગરમાં આવેલા ઈ.ડબલ્યુ.એસ કવાટર્સનો ફલેટ નં.૧/બી–૧ જે સુરત મહાનગરપાલિકા ધ્વારા મહેશભાઈને ફાળવવામાં આવેલો છે જેના તુમાર થયેલ ખરી નકલોની માહિતી આપવા બાબતે દિન–૩૦ માં પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૫ તા.૬–૧૨–૦૮ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી કે આરટીઆઈ એકટના અપવાદ હેઠળ ઈન્કાર પણ કરવામાં આવેલ નથી.

અરજદારે તા.૨૬–૯–૦૮ ની અરજીમાં સીટી લાઈટ યુ.પીનગરમાં આવેલા ઈ ડબલ્યુ.એસ કવાટર્સનો ફલેટ નં.૧ /બી–૧જે સુરત મહાનગરપાલિકા ધ્વારા મહેશભાઈને ફાળવવામાં આવેલો છે એ અંગેના આજ દિન સુધીના તુમાર થયેલ ખરી નકલોની માહિતીની માંગણી કરેલ છે. જે સંદર્ભે અરજદારની અપીલ અરજી દિન–૮ ના વિલંબથી થયેલ છે

## *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૬–૯–૦૮ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર જરૂર હોય ત્યાં કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી કલમ–૭(૬) હેઠળ માહિતી વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પી કે. પટેલ,